# “કરાઓકે સંગીત સ્પર્ધા”ના ફાઈનલ ઓડીશન સંપન્ન

**સ્પર્ધામાં ૪૫ ગાયકોએ ભાગ લીધો : શનિવારે સ્વ. મો.રફીની ૯૮મી જન્મજયંતિએ ૧૧ વિજેતા સ્પર્ધકોને ટ્રોફી વડે સન્માનિત કરાશે**

ગાંધીનગર તા.૨૧

મહાન પાર્શ્વ ગાયક સ્વ. મોહમ્મદ રફીની ૯૮મી જન્મજયંતિ નિમિત્તે સ્વરાંજલી આપવા માટે ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત “મેરી આવાઝ સુનો” કરાઓકે-કલબ દ્વારા “કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૨” કાર્યક્રમનું ફાઈનલ ઓડીશન રાઉન્ડનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર-અમદાવાદ તેમજ આજુ-બાજુનાં શહેરના કુલ ૪૫-સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પસંદગી પામેલા સ્પર્ધકો પૈકી પ્રથમ ૧૧-વિજેતા સ્પર્ધકોને મો. રફીના કટ-આઉટ વાળી આકર્ષક ટ્રોફી થકી સન્માનિત કરવામાં આવશે.

“કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૨” સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વોઈસ ઓફ મો.રફી ફેઈમ ચિરાગ દેસાઈ તેમજ રફી-ભક્ત તરીકે જાણીતા ઉમેશ માખીજાએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




આ ઉપરાંત કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત, જાણીતા વરિષ્ઠ રંગભૂમિ કલાકાર જગદીશ નાયક, મધુ ફાઉન્ડેશનના ભરત પ્રજાપતિ અને શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો જનકબા પરમાર વગેરેએ કાર્યક્રમમાં હાજર રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. સ્ટુડિયો સાથે સંકળાયેલા ગાંધીનગરના જાણીતા ગાયક કલાકાર શ્રવણકુમાર પરમારે આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિશેષ જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધાનું સંચાલન બિજોય તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મો. રફીની જન્મજયંતિ તા. ૨૪મી ડિસેમ્બર શનિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતેશ્રી "સંગીત સંધ્યા કાર્યક્રમ" યોજાશે જેમાં માત્ર યુગલ ગીતોના પર્ફોર્મન્સ સાથે બર્થડે-કેક કટીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જે કાર્યક્રમમાં સ્પર્ધાના પરિણામની જાહેરાત કરવામાં આવશે જેમાં પ્રથમ ૧૧-વિજેતા સ્પર્ધકોને મો. રફીના કટ-આઉટ વાળી આકર્ષક ટ્રોફી સન્માનિત કરવામાં આવશે.

**પિતા-પુત્ર બાઈક ઉપર રાજસ્થાનથી અમદાવાદ આવતાં હતા**

# છાલા બ્રીજ પર બાઈક સવારનું દોરીથી ગળુ કપાઈ જતા કરૂણ મોત

ચિલોડા, તા. ૨૧

રાજયમાં ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાંતિ પર્વને આવવાની ઘણીવાર છે પણ પતંગ રસિકો અત્યારથી પતંગ ચગાવવાનું શુભ શરૂઆત કરી દીધી છે અને મજા માણી રહ્યા છે. પણ કાતિલ ચાઈનીઝ દોરી કે કાચથી રંગાયેલી સાદી દોરી મજાકરૂપ બનેલી દોરી કોઈનો જીવ કાતીલરૂપ બને છે. તેવો હચમચાવી કિસ્સો તા. ૨૦મી સાંજે પિતા-પુત્ર બન્ને બાઈક લઈ રાજસ્થાનથી અમદાવાદ જતા હતા ત્યારે ચિલોડા હિંમતનગર હાઈવેના બ્રીજ પર પતંગની દોરીથી ગળું કપાયાની દુઃખદ ઘટના છાલા હાઈવેના બ્રીજ પર બનવા પામી છે. પિતા-પુત્ર બન્ને બાઈક પર અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. આ દરમ્યાન અચાનક દોરી બાઈકચાલક યુવાનના ગળે વિંટળાઈ તે સાથે ધારદાર કાતીલ દોરીથી ગળું કપાઈ જતાં યુવાનનું કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યુ હતુ જ્યારે બાઈક પરથી પડી જતાં પિતાને પણ ઈજા થઈ હતી. પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જાણે કે કાળ બનીને ત્રાટકી અને યુવાનનું ગળું જ કાપી નાંખ્યુ હતુ. કાતિલ દોરીથી ગળું કપાતાં લોહી વધુ વહી જતાં યુવકને સારવાર મળે તે પહેલાં મોતને ભેટ્યો હતો.

મૃતક લક્ષ્મણ મોતીલાલ કટારા અમદાવાદ ખાતે ચાની કીટલી ચલાવે છે. મૂળ રાજસ્થાનના વતની છે તેના પિતા મોતીલાલ ડુંગરજી કટારા બન્ને બાઈક લઈને રાજસ્થાનથી અમદાવાદ જવા માટે બાઈક લઈને નીકળ્યા હતા ત્યારે આ કમકમાટીભર્યો બનાવ બન્યો હતો. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડે તે પહેલાં જ યુવાનનું પ્રાણ પંખીડુ ઉડી ગયુ હતુ. લોહી વધુ વહી જવાના કારણે પિતા મોતીલાલની નજર સામે પુત્રએ આંખો મીંચી દીધી હતી. આમ પિતાની નજર સમક્ષ પુત્રનું કરૂણ મોત બાદ ઘટનાસ્થળે કરૂણ દૃશ્યો સર્જાયા હતા. આ બનાવ અંગે ચિલોડા પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## મધ્યપ્રદેશના માનસિંહભાઇનો દેશીબીજના જતન-સંવર્ધન કરવાનો જીવનનો એકમાત્ર લક્ષ

**રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિની લગન જોઇને રૂા.૫૧ હજારનો ચેક પુરસ્કાર સ્વરૂપે આપ્યો**



પ્રાકૃતિક કૃષિની સાથે જો દેશી બીજનું વાવેતર કરવામાં આવે તો ચમત્કારિક પરિણામ મેળવી શકાય છે. મધ્યપ્રદેશના પાંચસોની વસતી ધરાવતા હોશંગાબાદ જિલ્લાના બનખેડી તાલુકાના ગરધા ગામના રહીશ માનસિંહભાઇ ગુર્જરે તાજેતરમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની રાજભવન ખાતે મુલાકાત લઈને તેમણે પોતે વિકસાવેલી સાડા પાંચ ફૂટ લાંબી દેશી પ્રજાતિની દુધીની સાથે તેમણે વિકસાવેલાં અને સાચવેલાં વિવિધ દેશી બીજ તેમજ વિવિધ કૃષિ ઉત્પાદનોના નમૂના પ્રસ્તુત કર્યા હતા. પ્રાકૃતિક કૃષિ અને દેશી બીજના જતન-સંવર્ધનની તેમની લગન અને મહેનતથી પ્રભાવિત થઈને રાજ્યપાલશ્રીએ તેમને ૫૧ હજાર રૂપિયાનો ચેક પુરસ્કાર સ્વરૂપે અર્પણ કર્યો હતો. માનસિંહભાઈ જણાવે છે, “મારી મહેનત રંગ લાવી છે.. દેશી બીજના વાવેતર સાથે છેલ્લાં પંદર વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું,” માનસિંહભાઈએ દેશી બીજની જાળવણી ઉપરાંત કેટલીક જાત પોતે પણ વિકસાવી છે. તેઓ સફેદ કારેલાં, લાલ ભીંડી, કાળાં મરચાં, જાંબલી વાલોળ જેવા પ્રાકૃતિક કૃષિની મદદથી મેળવેલા ઉત્પાદનો પણ સાથે લાવ્યા હતા. માનસિંહભાઈ જણાવે છે કે, તેઓ પંદર વર્ષના હતા ત્યારથી દેશીબીજનું જતન-સંવર્ધન કરે છે. આજે તેમની પાસે ચોખાની લગભગ ૨૩૦ દેશી જાત, ઘઉંની ૧૦૮ જાત અને જુદાં જુદાં શાકભાજીના ૧૫૦ જાતના દેશીબીજનો સંગ્રહ ઉપલબ્ધ છે.

માનસિંહભાઈએ પ્રાકૃતિક કૃષિ દ્વારા દેશીબીજની મદદથી ચમત્કારિક પરિણામો મેળવ્યા છે. તેમના ખેતરમાં ઉગતા ૩૦ કિલો વજનનું તડબૂચ, સાડા ત્રણ ફૂટ લાંબા ગલકાં-તૂરિયા હોય કે ત્રણ કિલો વજનનું રીંગણ હોય લોકો આ ઉત્પાદનોને જોઈને આશ્ચર્ય ચકિત થઈ જાય છે. તેઓ જણાવે છે કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા પ્રાકૃતિક કૃષિનું જે જનઅભિયાન ચલાવવામાં આવે છે તે ઈશ્વરીય કાર્ય છે.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૧

શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૮-૧૨-૨૦૨૨ને રવિવારના રોજ હોટલ ઘુંઘટ ખાતે યોજાયો હતો. આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને સમાજના પ્રમુખ કિશોરભાઈ ત્રિવેદી તથા મંત્રી વિમળાબેન અયાચી અને કારોબારી પરિવાર સહ સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. વર્ષ દરમ્યાન દિવંગતોને શાંતિમંત્રના પઠન સાથે મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં સમાજના બાળકોનો પુરસ્કાર વિતરણ-૨૦૨૨ સાંસ્કૃતિક કાર્યક્રમ, નોકરીમાં બઢતી, નિવૃતિ તેમજ ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલો વિગેરેનું બહુમાન કરવામાં આવેલ તેમજ બ્લોસમ ચિલ્ડ્રન હોસ્પિટલના ડૉક્ટરો દ્વારા સમાજના બાળકોને સ્વાસ્થ્ય સંબંધી ચેકઅપ કેમ્પ યોજવામાં આવેલ. ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોએ ખૂબજ મોટી સંખ્યામાં પરિવાર સાથે પ્રીતિ ભોજનનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ડૉ. જય ઓઝા અને જયેશભાઈ દવે દ્વારા કરવામાં આવેલ.

જયારે પ્રશાંતભાઈ ઓઝાએ સાભારવિધિ કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સમાજનો અને કારોબારી સભ્યોનો ખૂબજ સાથ સહકાર સાંપડ્યો હતો.

**સુગમ સંગીત ક્ષેત્રે પ્રથમ હરોળમાં સ્થાન ધરાવતા**

# શ્યામલ-સૌમિલ-આરતી મુન્શીની ૫૦ વર્ષની સંગીત યાત્રાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે પ્રથમ હરોળમાં સ્થાન ધરાવતા શ્યામલ-સૌમિલ-આરતી મુન્શીની ૫૦ વર્ષોની સંગીત યાત્રાની ઉજવણી રૂપે સ્વર, શબ્દ અને સાતત્યનો સંગમ એવા અભૂતપૂર્વ-વિશિષ્ટ કાર્યક્રમ “સૂર ત્રિવેણી”નું આયોજન “સૂર ત્રિવેણી અભિવાદન સમિતિ” દ્વારા અમદાવાદ ખાતે ખાસ આમંત્રિતો માટે કરવામાં આવ્યું હતું.ડૉ. શ્યામલ-સૌમિલ-આરતી મુન્શીએ તેઓની ૫૦ વર્ષની સંગીત સફર દરમિયાન ૨૭૩૦ જેટલા ગુજરાતી ગીત-ગઝલ, ગરબા, ભક્તિ ગીતો ગાયન કર્યા છે, ૩૨ જેટલા આલ્બમનું નિર્માણ કર્યુ છે, સ્વર સેતુના ૧૨૦ જેટલા અંકો પ્રકાશિત કર્યા છે, ૧૦૦ જેટલા કાર્યક્રમો ડીઝાઈન કર્યા છે, ૧૨૫ જેટલા ગીત ગઝલ અને હાસ્ય રચનાઓ દ્વારા પરંપરા અને પ્રયોગશીલતાનું સંતુલન જાળવ્યુ છે,

શ્યામલ-સૌમિલ મુનશી નાનપણથી ગાયન, સંગીત, અભિનય, શેર શાયરીમાં ઊંડી રસ રૂચિ ધરાવતા ઉપરાંત ક્રિકેટ અને યોગમાં પણ રસ ધરાવતા હતા. આગળ જતાં આરતી મુન્શી પણ તેઓની સંગીતયાત્રામાં જોડાયા. સંગીતકાર દીપેશ દેસાઈના જણાવ્યા પ્રમાણે શ્યામલ-સૌમિલ નાના હતા ત્યારથી સ્કૂલ વિ. કાર્યક્રમમાં ગાયન-અભિનય અને શેર શાયરીની જુગલબંધી કરતા હતા. યુવા કલાકારો નીલ કાનાણી, પ્રહર વોરા, કલ્યાણી કોઠાળકર, આલાપ દેસાઈ, નિશા ઉપાધ્યાય,



અંકિત પરીખ, દીપાલી સૌમયા, હિમાલી વ્યાસ નાયક, ગાર્ગી વોરા, અક્ષત પરીખ, ઉપગ્ના પંડ્યા, અમન લેખડીયા તથા અપેક્ષા ભટ્ટે વિવિધ રચનાઓ પ્રસ્તુત કરી કાર્યક્રમની રોનક વધારી દીધી હતી.

આ પ્રસ્તુતિ બાદ જય વસાવડા અને કાઝલ ઓઝા વૈધ દ્વારા શ્યામલ સૌમિલ આરતી મુન્શીની પાંચ દાયકાની સંગીત યાત્રાને બિરદાવીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કથાકાર ભુપેન્દ્રભાઈ પંડ્યા (ભાઈ) દ્વારા આશિર્વચન પાઠવી ડૉ. શ્યામલ મુન્શીનું તથા ગુજરાતી સંગીતકાર ગૌરાંગ વ્યાસ તથા ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ-વરિષ્ઠ કલાકાર એવા વિભા દેસાઈ તથા આસિત-હેમા દેસાઈ દ્વારા સૌમિલ-આરતી મુન્શીનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ દિગ્ગજ ગુજરાતી અભિનેતા ટીકુ તલસાણીયા, કવિ અને સંચાલન તુષાર શુકલ, કવિ વિનોદ જોશી તથા હર્ષ બ્રહ્મભટ્ટ તથા અન્ય મહાનુભાવોએ પણ સૂર ત્રિવેણીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જુનિયર કલાર્કની પરીક્ષા ૮ જાન્યુ.ના બદલે ૨૯ જાન્યુ.એ લેવાશે

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જુનિયર કલાર્ક સંવર્ગની લેખિત પરીક્ષાની તારીખ બદલાઈ છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળે ઉમેદવારો માટે એક મહત્વપૂર્ણ સુચના જાહેર કરી છે. જેમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ની જાહેરાત ક્રમાંક ૧૭/૭૦૨૧-૨૨-જુનિયર ક્લાર્ક (વહીવટ હિસાબ)સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તારીખ ૦૮ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ યોજાનાર હતી. પરંતુ તે જ દિવસે ગુજરાત જાહેર સેવા આયોગની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા હોઈ, જુનિયર કલાર્કની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાનું મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ હવે જાહેરાત ક્રમાંક ૧૨/૨૦૨૧-૨૨- જુનિયર કલાર્ક(વહીવટ/હિસાબ)વર્ગ-૩ સંવર્ગની – સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૩ (રવિવાર) ના રોજ સવારે ૧૧ થી ૧૩ કલાક દરમિયાન યોજવામાં આવશે. ઉપરોક્ત કારણોસર જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧-૨૨- ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) વર્ગ-૩ સંવર્ગની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ પણ બદલવામાં આવી રહી છે, જે માટેની જાહેરાત હવે પછી મંડળ દ્વારા કરવામાં આવશે. જેની સર્વે ઉમેદવારએ નોંધ લેવા વિનંતી.

# શહેરના મંદિરોમાં શાકોત્સવના ભવ્ય આયોજનો

**શાકોત્સવના આયોજનનું નામ પડે એટલે રિંગણાનું શાક આંખ સામે તરવરે : સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવની લીલા સુપ્રસિધ્ધ છે**









હાલમાં શિયાળાની મોસમ ચાલી રહી છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવનું ખૂબ જ અને મહત્વ છે કારતક સુદ અગિયારસથી ભગવાનને હાટડીમાં રીંગણા ધરાવ્યા બાદ હરિભક્તો માટે શાકોત્સવનું આયોજન કરવામાં આવે છે ત્યારે હાલમાં ગાંધીનગરમાં મંદિરોમાં અને સોસાયટીઓ માં શાકોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં વિવિધ પ્રકારના શાક બનાવવામાં આવી રહ્યા છે રીંગણનું ભરથુ ભરેલા મરચા ગાજર નું શાક બાજરીનો રોટલો સહિતની વાનગીઓ બનાવીને શાકોત્સવ નો આનંદ માણવામાં આવી રહ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયને માટે કહેવાય છે કે ‘મંદિરોમાં તાવડો પાવડો ને નગારું એ ત્રણેય બંધ ના હોયપ’ અહીં પાવડો-બાંધકામ, નગારું – ભજન અને તાવડો એટલે ભોજન, નાના મોટા ઉત્સવ-સમૈયા હોય કે સત્સંગ સભાના આયોજનો હોયપ દરેક જગ્યાએ સમય-સગવડતા મુજબ મહાપ્રસાદ કે અલ્પાહારનું આયોજન તો હોય જ.અને આ જમાડીને તૃપ્તિનો આનંદ આપનાર સેવાગુણના પ્રવર્તક હતા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણપ

કહેવાય છે કે ભજન અને ભોજન સાથે જોઈએ. ભૂખ્યા પેટે ભજન ના થાય અને એટલે સંપ્રદાયના સમૈયા – ઉત્સવોમાં ભોજનની વ્યવસ્થા પણ જોવા મળે છે. બ્રહ્મચોરાશી, જેતલપુર અને ડભાણમાં યજ્ઞો સમયે બ્રાહ્મણોને જમાડી ખુબ તૃપ્ત કરેલાપ પંચાળામાં વિચરતી જાતીના લોકોને સેલણ જમાડ્યુ. અત્યંત માંદગીમાં સપડાયેલા સેવકરામ જલ્દી સાજા થાય તે માટે સ્વયં ભગવાન પોતે સારા પકવાન અને રાબ બનાવી તેમને જમાડતા. પ્રેમાનંદસ્વામીને તો દરરોજ પોતાનો અર્ધો થાળ આપી જમાડતા. મહારાજ પંક્તિમાં પીરસવા આવે અને ત્યારે સંતોને પ્રેમથી આગ્રહ કરી જમાડતા અને સંતો તૃપ્ત થાય પછી સિંહ ગર્જના ના કરે ત્યાં સુધી પીરસતા અને જમાડતા.

સંપ્રદાયમાં શાકોત્સવની લીલા સુપ્રસિધ્ધ છેપ શાકોત્સવના આયોજનનું નામ પડે એટલે રિંગણાનું શાક આંખ સામે તરવરે, સંપ્રદાયમાં ગામડે-ગામડે અને મંદિરોમાં શાકોત્સવ ઉજવાય છે. સત્સંગ સભા થાય ધૂનકીર્તનની રંગત પછી સત્સંગકથા-વાર્તા થાય અને પ્રભુપ્રસાદથી પાવન થયેલ શાક-રોટલાનો પ્રસાદ હોંશે હોંશે આરોગી હરિભક્તો છુટા પડે. આ દિવ્ય પરંપરા પાછળ સંપ્રદાયનો એક અનેરો ઈતિહાસ છે તો ચાલો જાણીયે તે લીલાને.. શ્રીજી મહારાજના પરમસખા એવા લોયાના સુરાખાચરના ઘરે એકવાર ચોરી થઈ અને ૨૦૦૦૦ રૂ ભરેલો પટારો ચોર ઉપાડી ગયા, સવારે સૌને ખબર પડતા પટારો શોધવા લાગ્યા પણ ક્યાંય મળ્યો નહિ આથી થોડા ચિંતિત થયેલા સુરા ખાચરે સંકલ્પ કર્યો કે જો પટારો મળી જાય તો અર્ધા રૂપિયા ધર્માદે આપવા અને સાંજ સુધીમાં પટારો હેમખેમ સ્થિતિમાં મળી ગયો અને ખોલીને ચેક કર્યું તો એક પાઈ પણ ઓછી નહોતી થઈ. ઘરે આવી સુરાબાપુએ તેમાં પત્ની શાંતાબાને આ વાત કરી તો સમજણનીમૂર્તિ એવા શાંતાબાએ કીધું કે કદાચ ચોર જ બધું ધન લઈ ગયા હોત તો તમે શું અરધું ધન આપત..? સાનમાં સમજી ગયેલા સુરાખાચરે બધું જ ધન ધર્માદે ખર્ચ કરવાનો નિર્ણય લીધો અને ગઢપુરમાં શ્રીહરિને પત્ર લખી સંતો સહીત તેડાવ્યા.

શ્રીહરિ લોયા પધાર્યા તે સમયે ત્યાંની વાડિયોમાં રીંગણાંનો સારો પાક હતો અને એટલે શ્રીજીમહારાજે સ્વયં શાક બનાવી સંતો-ભક્તોને જમાડવાનો સંકલ્પ કર્યોપ.૬૦ મણ રીંગણ, ૧૨ મણ ઘીમાં વઘાર કરી શાક શ્રીજીમહારાજ બનાવે અને સંતોએ રોટલા બનાવ્યા અને સંતોભક્તો જમવા બેઠા ત્યારે જેને જે ભોજન પદાર્થ ભાવતું હોય તેવો સ્વાદ તેને શાકમાં આવે. શાકોત્સવ મનાવવા પાછળ નો એક સારો સંદેશ પણ છે જેમ શાકોત્સવમાં અલગ અલગ વાનગીઓ એક મેક માં ભળી જાય છે તેમ સમાજના દરેક લોકોએ એકબીજા સાથે ભળવું જોઈએ સોમ રસ થવું જોઈએ તેવો શાકોત્સવનો તાત્પર્ય કહી શકાય.